**GJAN120009272019**

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૯/૧૨/૨૦૧૯ |
| નોંધણી તારીખ | ૦૯/૧૨/૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૨૦/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષઃ માસઃ દિવસઃ |

**પેટલાદના મહે.બીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.પેટલાદ, જી.આણંદ.**

રેગ્યુલર સીવીલ અપીલ નં.૫૮/૨૦૧૯
આંકઃ–.......

## એપેલન્ટ (મુળ વાદી નં.૨ ) :–

ઈશ્વરભાઈ છોટાભાઈ પરમારના કુ.મુ.

સોડાભાઈ રામજીભાઈ રબારી. ઉ.વર્ષ.૭૬, ધંધો.વેપાર.

રહે.મુ.પો.મોગરી, ઠે.શિવ નગર સોસાયટી, જુના મોગરી રોડ,

તા.પેટલાદ, જી.આણંદ.

## *....વિરૂધ્ધ....*

## રીસપોડન્ટ :–

(૧) ગુજરનાર ભીખાભાઈ શનાભાઈ સોલંકીના વારસો.

(૧/૧) ~~મણીબેન તે ભીખાભાઈ શનાભાઈ સોલંકીની વિધવા.~~

(આંક–૧૭ ના હુકમ મુજબ ડીલીટ કર્યા.)

(૧/૨) કાભઈભાઈ ભીખાભાઈ સોલંકી.

ઉ.વર્ષ.પુખ્ત, ધંધો.ખેતી.

(૧/૩) શિવાભાઈ ભીખાભાઈ સોલંકી.

ઉ.વર્ષ.પુખ્ત, ધંધો.ખેતી.

(૧/૪) કનુભાઈ ભીખાભાઈ સોલંકી.

ઉ.વર્ષ.પુખ્ત, ધંધો.ખેતી.

(૧/૫) નટુભાઈ ભીખાભાઈ સોલંકી.

ઉ.વર્ષ.પુખ્ત, ધંધો.ખેતી.

(૧/૬) સવિતાબેન ભીખાભાઈ સોલંકીની દિકરી.

ઉ.વર્ષ.પુખ્ત, ધંધો.ખેતી તથા ઘરકામ.

તમામ રહે.ઘુંટેલી,ઠે.કાંસ ઉપર, તા.પેટલાદ, જી.આણંદ.

(૨) ~~ડાહ્યાભાઈ ઓત્તમભાઈ પટેલ.~~

(આંક–૧૭ ના હુકમ મુજબ ડિલીટ કર્યા.)

બાબત :– સીવીલ પ્રોસીજર કોડની કલમ–૯૬ તથા ઓર્ડર–૪૧ મુજબ રેગ્યુલર સીવીલ અપીલ.

.....................................................................

એપેલન્ટ/મુળ વાદી નં.૨ તરફે :: વિ.વ.શ્રી.પી.પી.પટેલ
રીસપોડન્ટ/મુળ પ્રતિવાદી તરફે :: વિ.વ.શ્રી.એન.એમ.મીરઝા

.....................................................................

## –: : ઠ રા વ : :–

(૧) હાલના કામના એપેલન્ટ એટલે કે મુળ વાદી નં.૨ ઘ્વારા હાલની અપીલ સીવીલ પ્રોસીજર કોડની કલમ–૯૬ તથા ઓર્ડર–૪૧ મુજબ પેટલાદના મહે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી ઘ્વારા રેગ્યુલર દિવાની દાવા નં.**૩૮૧/૧૯૯૧** ના કામે તા.૨૧/૧૦/૨૦૧૯ ના રોજ વાદીપક્ષનો દાવો '' **નામંજુર** '' કરી જે હુકમ તથા હુકમનામું કરવામાં આવેલ છે તેનાથી નારાજ થઈ દાખલ કરવામાં આવેલ છે.

(૨) હાલના કામના એપેલન્ટ કે જેઓ મુળ દાવાના કામે વાદી નં.૨ તથા હાલના કામના રીસ્પોન્ડન્ટ નં.૧ ના વારસો કે જેઓ મુળ દાવાના કામે પ્રતિવાદી તેમજ રીસ્પોન્ડન્ટ નં.૨ કે જેઓ મુળ દાવાના કામે વાદી નં.૧ હતા, જેથી સરળતા ખાતર હવે પછી જજમેન્ટમાં તે જ રીતે એટલે કે એપેલન્ટને વાદી નં.૨ તરીકે તથા રીસ્પોન્ડન્ટ નં.૧ ના વારસોને પ્રતિવાદી તથા રીસ્પોડન્ડન્ટ નં.૨ ને વાદી નં.૧ તરીકે સંબોધવામાં આવેલ છે.

(૩) હાલની અપીલના કામે વાદી તરફે આંક–૧ થી રજુ અપીલમાં જણાવેલ કારણો લેખીત સ્વરૂપે ઉપલબ્ધ હોય તથા આ હુકમ તે અપીલ સંલગ્ન જ હુકમ હોય, તે તમામ કારણોનું અત્રે પુનરાવર્તન કરેલ નથી પરંતુ તમામ કારણો વંચાણે અને ધ્યાને લીધેલ છે.

વાદી ધ્વારા હાલની અપીલ દાખલ કરી રે.દિ.મુ.નં. **૩૮૧/૧૯૯૧** ના કામે તા.૨૧/૧૦/૨૦૧૯ ના રોજ આંક–૧૮૧ થી કરવામાં આવેલ હુકમ તથા આંક–૧૮૪ થી કરવામાં આવેલ હુકમનામા સામે કરેલ છે અને જણાવેલ છે કે વિ.ટ્રાયલ કોર્ટનું જજમેન્ટ કાયદાના પ્રસ્થાપીત નિયમોથી વિરુધ્ધનું આર્બીટ્રરી, પરવર્સ, કેપ્રિસિયસ અને ઈન્ગોરન્સ ઓફ વેલ સેટલ્ડ પ્રિન્સીપલ્સ ઓફ લો કરીને આપેલ હોવાથી તેમજ વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ ન્યાય અને સમન્યાય વિરુધ્ધનો હોવાથી રદ થવાને પાત્ર છે. વધુમાં જણાવે છે કે વિ. ટ્રાયલ કોર્ટે મૌખીક તથા દસ્તાવેજી પુરાવાનું યોગ્ય રીતે મુલ્યાંકન કરેલ નથી અને એકતરફી મનસ્વી તારણો કાઢી દાવો

નામંજુર કરેલ છે, જે હુકમ ખોટો છે. વધુમાં જણાવે છે કે પ્રતિવાદી તરફથી એવો કોઈ સ્થિર પુરાવો રજુ થયેલ નથી કે તેનાથી પુરવાર થઈ શકે કે પ્રતિવાદી જમીનના ગણોતીયા છે. તેમજ એપેલન્ટે દાવાના કામે આંક–૧૩૯ થી જમીનના કબજા સહિતના રજી. વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરેલ છે તથા નામદાર સુપ્રિમ કોર્ટે વિવિધ ચુકાદાઓથી જાહેર કરેલ છે કે, રેવન્યુ રેકર્ડથી માલીકી હકક પ્રાપ્ત થતા નથી પરંતુ રજી. વેચાણ દસ્તાવેજથી મિલકતના માલીક હોવાનું નકકી થાય છે. જેથી વિ. ટ્રાયલ કોર્ટે તે સિધ્ધાંતો વિરુધ્ધનું માત્ર રેવન્યુ રેકર્ડ ધ્યાને લઈ જજમેન્ટ આપેલ હોવાથી પણ જજમેન્ટ રદ થવાને પાત્ર છે. વધુમાં જણાવે છે કે દાવાના કામે રજુ કરેલ રેવન્યુ રેકર્ડના આધારે જમીન મુળ વાદી ડાહયાભાઈ ઓતમભાઈ પટેલના વડીલોની આવેલ હતી તેમ છતાં વિ. ટ્રાયલ કોર્ટે વાદીનો કબજો માનેલ નથી, જે ધ્યાને લેતા વિ.ટ્રાયલ કોર્ટનું જજમેન્ટ લો ઓફ ઈકવીટી ઉપર આધારીત નથી પરંતુ પાર્સીયાલીટીવાળું હોવાથી રદ થવાને પાત્ર છે. વધુમા જણાવે છે કે દાવાના કામે રજુ થયેલ પુરાવાથી ગણોત હકક ડીસાઈડ કરનાર સક્ષમ ઓથોરીટીએ જ રીસ્પોન્ડન્ટ નં.૧/૧ થી ૧/૬ નાઓને જમીનના ગણોતીયા ન હોવાનું ઠરાવેલ છે તથા સીવીલ કોર્ટને ગણોત હકક અંગે નિર્ણય લેવાની કોઈ સત્તા ન હોવા છતાં દાવાના કામે મુદદા નં.૨ નો જવાબ અંશત:હકારમાં આપવાનો જે નિર્ણય લીધેલ છે, તે વિ.ટ્રાયલ કોર્ટે પોતાની સત્તાથી ઉપરવટ જઈને જજમેન્ટ આપેલ હોવાથી પણ જજમેન્ટ રદ થવાને પાત્ર છે. વધુમાં જણાવે છે કે રીસ્પોન્ડન્ટ નં.૨ ડાહયાભાઈ ઓતમભાઈ પટેલ મુળ

દાવાના વાદી નં.૧ છે પરંતુ તેઓ અપીલના કામે સહી કરવા માટે આવેલ ન હોવાથી અપીલને પક્ષકારોની ખામીનો બાધ ન નડે તેવા શુભઆશયથી તેઓને રીસ્પોન્ડન્ટ નં.૨ તરીકે અપીલના કામે પક્ષકાર બનાવેલ છે. જે તમામ હકીકતો ધ્યાને રાખી હાલની અપીલ મંજુર કરી વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ જજમેન્ટ તથા હુકમનામું રદ કરી સેટેસાઈડ કરવા અને એપેલન્ટ/વાદીનો દાવો મંજુર કરવા તેમજ અપીલનો ખર્ચ રીસ્પોન્ડન્ટ નં.૧/૧ થી ૧/૬ પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

(૪) આ કામના રીસ્પોન્ડન્ટ નં.૧/૧ થી ૧/૬ એટલે કે મુળ દાવાના કામના પ્રતિવાદી તથા રીસ્પોન્ડન્ટ નં.૨ એટલે કે મુળ દાવાના કામના વાદી નં.૧ નાઓને ધારાસર નોટીસ બજવણી થઈ ગયેલ છે અને તેઓ તેમના વિ.વ.શ્રી. મારફતે કોર્ટમાં હાજર થયેલ છે. રીસ્પોન્ડન્ટ/પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૬ નાઓના વિ.વ.શ્રી. ધ્વારા આંક-૨૦ થી લેખીત દલીલો રજુ કરેલ છે, જે વંચાણે લેવામાં આવે છે.

(૫) હાથ પરના અપીલની ચર્ચા કરતાં પહેલા વાદીપક્ષના દાવાની હકીકત ધ્યાને લેવી જરૂરી બને છે, જેથી વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષનું રેકર્ડ મંગાવવામાં આવેલ છે અને રેકર્ડ ઉપરની હકીકતોને સમગ્રપણે ધ્યાને રાખવામાં આવેલ છે.

**વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષના મુળ રેગ્યુલર દિવાની દાવા નં.૩૮૧/૧૯૯૧ ની વિગત :-**

(૬) મોજે ગામ ઘુંટેલી, તા.પેટલાદની સીમના સરવે નં.૧૩૦, એકર

૨–૨૦ ગુંઠા (હે.૧–૧૦–૦૫) વાળી જમીન જે બ્લોક નં.૧૯૭ પૈકીની આવેલ છે, તે મિલકત વાદીની સ્વતંત્ર માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ છે તેમજ સદર જમીન વાદીના વડીલોની માલીકીની હતી અને ભાઈઓ ભાઈના વહેંચણમાં વાદીના ભાગે આવેલ છે. પ્રતિવાદીની આ જમીનમાં કશા પ્રકાર નો લાગ–ભાગ કે હકક હિસ્સો આવેલ નથી તેમ છતાં તેઓ ખોટી ખોટી તકરારો કરે છે અને ગણોત હકકની ખોટી તકરાર કરે છે તેમજ પ્રતિવાદીઓ વાદીની જમીનમાં કાયદો હાથમાં લઈ ગેરકાયદેસર પ્રવેશ કરવાની ધમકીઓ આપી રહયા છે તથા કોશીશ કરી રહયા છે.

જેથી વાદીપક્ષ ધ્વારા દાવો દાખલ કરી દાવા અરજીમાં જણાવેલ મોજે ગામ ધુંટેલી, તા.પેટલાદની સીમના સરવે નં.૧૩૦, એકર ૨–૨૦ ગુંઠા (હે.૧–૧૦–૦૫) વાળી જમીન જે બ્લોક નં.૧૯૭ પૈકીની આવેલ છે, તે જમીન વાદીની સ્વતંત્ર માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટામાં તથા ખેડમાં આવેલ છે તેમ ઠરાવી પ્રતિવાદી વાદીની જમીનમાં કબજા ભોગવટામાં કોઈ પ્રકારે હેલો, હરકત, અંતરાય, દખલ થાય તેવું કૃત્ય કરે કરાવે નહિ તેમજ દાવાવાળી જમીનમાં પેશે–પેશાવે નહિ તેવો પ્રતિવાદીને જાથુનો મનાઈ હુકમ ફરમાવવા તેમજ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

વાદીપક્ષના સદર દાવાના અનુસંધાને પ્રતિવાદીપક્ષ ધ્વારા **આંક–૪૬ થી** લેખીત જવાબ રજુ કરેલ છે. તેમજ ત્યારબાદ ટ્રાયલ કોર્ટ ધ્વારા **આંક–૮૯ થી મુદદા** ઘડવામાં આવેલ અને ત્યારબાદ સદરહું કામ પુરાવા ઉપર મુકવામાં આવેલ હતુ, તેમજ ત્યાર બાદ પક્ષકારો ધ્વારા

તેમના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવાની પુરી તક આપ્યા બાદ, બંને પક્ષ તરફે રજુ કરેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા તેમજ તેઓ ધ્વારા પોતાના સમર્થનમાં કરવામાં આવેલ દલીલો ધ્યાને લઈને વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા રે.દિવાની મુકદમા **નં.૩૮૧/૧૯૯૧** ના કામે તા.ર૧/૧૦/ર૦૧૯ ના રોજ આંક–૧૮૩ થી વાદીનો દાવો " **નામંજુર** " કરતો હુકમ અને હુકમનામું કરવાનો હુકમ કરેલ, જે હુકમથી નારાજ થઈ વાદીપક્ષ ધ્વારા હાલની આ અપીલ દાખલ કરેલ છે.

(૭) **દલીલો :–**

સદર કામે એપેલન્ટ/મુળ વાદી નં.ર તથા રીસપોડન્ટ નં.૧/૧ થી ૧/૬ (મુળ પ્રતિવાદી) નાઓના વિ.વ.શ્રી ધ્વારા મૌખીક દલીલ કરેલ છે, જે સાંભળવામાં આવેલ છે. તેમજ એપેલન્ટ/મુળ વાદી નં.ર ના વિ.વ.શ્રી. ધ્વારા આંક–૧૯ થી તથા રીસપોડન્ટ નં.૧/૧ થી ૧/૬ (મુળ પ્રતિવાદી) ના વિ.વ.શ્રી. ધ્વારા આંક–ર૦ થી લેખીત દલીલો રજુ કરેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે. સદર તમામ રજુઆતો અપીલના ન્યાયીક નિર્ણય કરતી વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

(૮) પક્ષકારોના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ ઉપરોકત દલીલોના આધારે હાલની અપીલના નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદદાઓ ::–**

**મુદદા નં.૧** શું વિવાદી પુરવાર કરે છે કે, વિધ્વાન ટ્રાયલ કોર્ટ ધ્વારા દાવાવાળી મિલકત/જમીન તેઓની

માલીકીની ન હોવાનું જે તારણ આપેલ છે, તે ભુલ ભરેલું છે ?

**મુદદા નં.ર** શું વિવાદી પુરવાર કરે છે કે, વિધ્વાન ટ્રાયલ કોર્ટ ધ્વારા દાવાવાળી મિલકત/જમીનમાં પ્રતિવાદીનો કબજો ભોગવટો હોવાનું જે તારણ આપેલ છે, તે ભુલ ભરેલું છે ?

**મુદદા નં.૩** શું વિવાદી પુરવાર કરે છે કે, વિધ્વાન ટ્રાયલ કોર્ટનો ચુકાદો ન્યાયીક સિધ્ધાંતો વિરુધ્ધનો, ભુલ ભરેલો કે ખામીવાળો જણાય આવે છે ? જો હા, તો તેમાં કેટલી હદે ફેરફારની આવશ્યકતા છે ?

**મુદદા નં.૪** શું હુકમ ?

(૯) ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

**મુદદા નં.૧** **હકારમાં.**

**મુદદા નં.ર** **હકારમાં.**

**મુદદા નં.૩** **હકારમાં.**

**મુદદા નં.૩** **આખરી હુકમ મુજબ,**

**–:: કારણો ::–**

(૧૦) વિ.ટ્રાયલ કોર્ટના જજમેન્ટનું મુલ્યાંકન કરતા પહેલા એપેલેટ કોર્ટનું જયુરીસ્ડીકશન અને પરીઘી બાબતે ચર્ચા કરવી જરૂરી છે. એપેલેટ

કોર્ટનું જ્યુરીસ્ડીકશન જ્યાં સુધી ટ્રાયલ કોર્ટનો ચુકાદો ગેરકાયદાકીય અથવા ભુલ ભરેલ અથવા મહત્વની અનિયમિતતા અથવા મહત્વના વિરોધાભાષ ના હોય ત્યાં સુધી હસ્તક્ષેપ ન કરવો જોઇએ. જેથી પ્રથમ એપેલેટ કોર્ટે અપીલ ડીસાઈડ કરતી વખતે નીચેની કોર્ટના પુરાવાનું મુલ્યાંકન એક વખતે કરવું જોઈએ.

**<u>મુદદા નં.૧ ની ચર્ચા :-</u>**

(૧૧) સદર કામે રેકર્ડ વંચાણે લીધું. સદર કામે મુળ વાદી ધ્વારા હાલનો દાવો દાવાવાળી જમીન વાદીની સ્વતંત્ર માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટામાં તથા ખેડ હકકમાં આવેલ છે તેવું ઠરાવી પ્રતિવાદી વાદીની દાવાવાળી જમીના કબજા ભોગવટામાં કોઈ પ્રકારે હેલો, હરકત, અં તરાય, દખલ થાય તેવું કૃત્ય કરે કરાવે નહિ તથા દાવાવાળી જમીનમાં પેશે પેશાવે નહિ તેવો જાથુના મનાઈ હુકમની માંગણી કરેલ છે અને તે સં દર્ભે પ્રતિવાદી ધ્વારા આંક-૪૬ થી લેખીત જવાબ રજુ કરેલ છે અને ત્યારબાદ વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા આંક-૮૯ થી મુદદા ઘડવામાં આવેલ છે, જે મુદદા તથા તેના જવાબ નીચે મુજબ છે.

**મુદદા નં.૧ :-** શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળો સ.નં.૧૩૦ એકર ૨-૨૦ ગુંઠાવાળી જમીન વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ છે ? **નકારમા**

**મુદદા નં.ર :-** શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, દાવાવાળા સ.નં.૧૩૦ ગણોત હકકે તેમના કબજામાં છે અને તેઓ દાવાવાળી જમીનના ગણોતીયા છે ? **અંશત હકારમા**

**મુદદા નં.૩ :-**શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી

ગણોતધારા હેઠળ તા.૧/૪/૫૭ ના રોજ ડીમ પરચેઝર અને માલીક બની ગયેલા છે ? **નકારમા**

**મુદદા નં.૪ :–**શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદીએ નામદાર કોર્ટના મનાઈ હુકમનો ભંગ કરેલ છે ? **નકારમા**

**મુદદા નં.૫ :–**શું વાદી માંગ્યા મુજબ દાદ મેળવવા હકકદાર છે ? **નકારમા**

**મુદદા નં.૬ :–**શું હુકમ અને હુકમનામું ? **આખરી હુકમ મુજબ**

(૧૨) સદર મુદદા પુરવાર કરવા માટે વાદી તથા પ્રતિવાદીપક્ષ ધ્વારા મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, જે પુરાવાનું પુન:મુલ્યાંકન કરીએ તો, હાલના દાવાના કામે વાદી ઈશ્વરભાઈ છોટાભાઈ પરમાર નાઓ ધ્વારા આંક–૧૪૧ થી પોતાનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને દાવા અરજીમાં જણાવેલ હકીકતોને સમર્થન આપેલ છે.

સદર વાદીની પ્રતિવાદીના વિ.વ.શ્રી. ધ્વારા વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ઉલટ તપાસનું પુન:મુલ્યાંકન કરીએ તો તેમાં દાવાવાળી મિલકત તેઓ ધ્વારા મુળ માલીક ડાહ્યાભાઈ ઓતમભાઈ પટેલ પાસેથી રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલાનું અને ત્યાર બાદ દાવાવાળી મિલકત તેઓના નામે દાખલ થયેલાનું જણાવેલ છે. તેમજ તેમની ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ જમીન વેચાણ રાખેલ હતી તેના કબજેદારો વચ્ચે અંદરો–અંદર વહેંચણી થયેલ હોય તેવો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી. તેમજ સ્વેચ્છાએ જણાવેલ છે કે તેઓને ટાઈટલ

કલીયર કરીને ૭/૧૨ ના ઉતારામાં ડાહ્યાભાઈનું નામ ચાલે છે અને ડાહ્યાભાઈ માલીક છે તે મુજબ કાર્યવાહી કરેલ હતી. આ સીવાય અનય કોઈ વિશેષ હકીકત ઉપરોકત સાહેદની જુબાની થકી બહાર આવેલ નથી.

(૧૩) પ્રતિવાદીપક્ષના કુ.મુ. તથા મિલકતના વહીવટકર્તા તરીકે કાભઈભાઈ ભીખાભાઈ ઠાકોર નાઓએ આંક–૧૪૮ થી પુરાવાનુ સોગંદનામું રજુ કરી આંક–૪૬ થી દાવા અરજીનો જે લેખીત જવાબ રજુ કરેલ છે તેમાં જણાવેલ હકીકતોને સમર્થન આપેલ છે.

સદર પ્રતિવાદીની વાદીના વિ.વ.શ્રી. ઘ્વારા વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ઉલટ તપાસનું પુન:મુલ્યાંકન કરીએ તો, <u>તેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે દાવાવાળી જમીનના મુળ માલીક ડાહ્યાભાઈ ઓતમભાઈ હતા તથા દાવાવાળી જમીનના ૭/૧૨ ના રેકર્ડમાં ઈશ્વરભાઈ છોટાભાઈનું નામ ચાલે છે તથા તેઓએ તેમનું નામ રદ કરાવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નથી. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે પેટલાદ ટેનન્સી કોર્ટમાં તેઓ જીત્યા હોય તેવો આધાર હાલના કામે રજુ કરેલ નથી.</u>

(૧૪) આ કામે વિ.ટ્રાયલ કોર્ટ ઘ્વારા જે મુદદા ઘડવામાં આવેલ હતા તેમાં પ્રથમ મુદદો દાવાવાળી મિલકત વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ છે ? તે બાબતેનો હતો. જે સંદર્ભે રજુ થયેલ પુરાવાનું પુન:મુલ્યાંકન કરીએ તો હાલની અપીલ ઈશ્વરભાઈ છોટાભાઈ પરમાર નાઓ ઘ્વારા દાખલ કરવામાં આવેલ છે. મુળ દાવો ડાહ્યાભાઈ ઓતમભાઈ પટેલ નાઓ ઘ્વારા દાખલ કરવામાં આવેલ ત્યારબાદ

આંક–૧૧૬ ના હુકમ મુજબ દાવાવાળી મિલકત હાલના અપીલકર્તા ધ્વારા રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ હોય તેઓને વાદી તરીકે જોડવામાં આવેલ હતા. વાદીની દાવા અરજી જોઈએ તો દાવા અરજી મુજબ ગામ ધુંટેલી, તા.પેટલાદની સીમના સરવે નં.૧૩૦, એકર ૨–૨૦ ગુંઠા (હે.૧–૧૦–૦૫) વાળી જમીન જે બ્લોક નં.૧૯૭ પૈકીની છે, તે માટે દાવો દાખલ કરેલ છે. વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે હાલના અપીલકર્તાની તરફેણમાં વેચાણ દસ્તાવેજ થયેલ છે, જે આ કામે આંક–૧૩૯ થી રજુ થયેલ છે. જે ધ્યાને લેતા તેમાં બ્લોક નં.૧૯૭, હે.૨–૦૦–૮૩ આકાર રૂા.૨૧.૯૪ પૈકીની વાદી ડાહ્યાભાઈ ઓતમભાઈ પટેલના હિસ્સાની ૦–૯૦–૭૮ વાળી જમીન વેચાણ આપેલાનું દર્શાવેલ છે. આમ દાવા અરજીમાં દર્શાવેલ મિલકત તથા વેચાણ દસ્તાવેજમાંની મિલકતના જે ખુંટ દર્શાવેલ છે, તે અલગ હોય વાદી દાવાવાળી મિલકતના માલીક હોવાનું પુરવાર થતું ન હોવાનું તારણ આપેલ છે. આ સંદર્ભે રજુ થયેલ પુરાવાનું પુન:મુલ્યાંકન કરીએ તો આંક–૧૫૫ થી ૭/૧૨ ના ઉતારાની નકલ રજુ કરેલ છે, જેમાં વર્ષ ૧૯ ૮૪–૮૫ થી શરૂ થતા ૭/૧૨ ના ઉતારા ધ્યાને લઈએ તો ૭/૧૨ ના ઉતારામાં ઉપરની તરફે બ્લોક નં.૧૯૭ તથા તેની ઉપર સરવે નં.૧૩૦– ૧૬૬ હોવાનું દર્શાવેલ છે અને કબજેદારના નામમાં સુરજબેન ઉર્ફે કાશીબા મંગળ નારણની દિકરી અને તે ઓતમભાઈ લલ્લુભાઈની વિધવા તથા તેમના વારસોમાં પુંજાભાઈ, વિમળાબેન, શાંતીલાલ, ડાહ્યાભાઈ, રાવજીભાઈ, ઘનશ્યામભાઈના નામ દર્શાવેલ છે તેમજ તેમાં ડાહ્યાભાઈના નામ સીવાયના વારસોના નામમાં કૌસ કરેલ છે.

જયારે નીચે પટેલ મણીભાઈ અંબાલાલના નામની સામે જમીન માપણી ૧–૧૦–૦૫ તથા કૌસમાં ૧–૧૫–૩૫ દર્શાવેલ છે તથા ગણોતીયાની વિગતમાં ગણોતીયો આંધળો અને સગીર હોવાથી વેચાણ મુલત્વી દર્શાવેલ છે. તેમજ તેના ગામ નમુના નંબર ૧૨ ની નોંધ જોઈએ તો ખેડુતના નામમાં ડાહ્યાભાઈ ઓતમભાઈ અને તેની સામે ૧–૦૧–૦૮ તથા મણીભાઈ અંબાલાલની સામે ૧–૧૫–૩૫ ની વિગત દર્શાવેલ છે. સને ૧૯૮૪–૮૫ થી ૨૦૦૪–૦૫ સુધીના વર્ષમાં આ જ મુજબની વિગત દર્શાવેલ છે અને બ્લોક નં.૧૯૭ માં સરવે નં.૧૩૦ તથા નં.૧૬૬ બંને હોવાનું દર્શાવેલ છે.

આમ, રજુ થયેલ આંક–૧૫૫ ના ૭/૧૨ ના ઉતારા થકી તે હકીકત ફલીત થાય છે કે બ્લોક નં.૧૯૭ ની અંદર બે સરવે નંબર એટલે કે સરવે નં.૧૩૦ તથા સરવે નં.૧૬૬ નો સમાવેશ થાય છે, જેમાં ડાહ્યાભાઈને ભાઈઓ ભાગે સુરજબેન ઉર્ફે કાશીબા ઓતમભાઈ લલ્લુભાઈની વિધવાના વારસો તરીકે ઉપરોકત મિલકત સરવે નં.૧૩૦ મળેલાનું તથા મણીભાઈ અં બાલાલને સરવે નં.૧૬૬ વાળી જમીન કે જેનું માપ ૧–૧૫ –૩૫ મળેલાનું ફલીત થાય છે. આ કામે દાવા અરજી વંચાણે લઈએ તો, તેમાં સ્પષ્ટપણે દર્શાવેલ છે કે, મોજે ગામ ઘુંટેલી સરવે નં.૧૩૦, એકર ૨–૨૦ ગુંઠા તથા તેના કૌસમાં હે.૧–૧૦–૦૫ વાળી જમીન એટલે કે દાવાવાળી જમીન દર્શાવેલ છે. એટલે કે દાવાવાળી મિલકત સરવે નં.૧૩૦ કે જેનું માપ ૧–૧૦–૦૫ અને બ્લોક નં.૧૯૭ ની પૈકીનું હોવાનું દર્શાવેલ છે તથા તેના ખુંટ ધ્યાને લઈએ તો તેમાં

પુર્વે–ચતુરભાઈ હાથીભાઈ પટેલ તથા જગદિશભાઈ ઈશ્વરભાઈની જમીન, પશ્ચિમે– નળી મુકીને પ્રવિણભાઈ વલ્લભભાઈ બીન મગનભાઈ પટેલ તથા મનહરભાઈ અંબાલાલ પટેલની જમીન, ઉત્તરે–કાંસ મુકીને દાવાવાળા બ્લોક નં.૧૯૭ પૈકીની સરવે નં.૧૬૬ વાળી મણીભાઈ અંબાલાલ પટેલની જમીન તથા દક્ષિણે– પુંજાભાઈ જેણાભાઈ સોલંકીની જમીન આવેલાનું દર્શાવેલ છે. હવે હાલના અપીલકર્તાની તરફણેમાં મુળ વાદીએ જે વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે, તે વેચાણ દસ્તાવેજ ધ્યાને લઈએ તો તેમાં પણ જે ખુંટ દર્શાવેલ છે તે ખુંટ દાવાવાળી મિલકતના ખુંટ હોવાનું જણાય આવે છે. એટલે કે બ્લોક નં.૧૯૭ પૈકી સરવે નં.૧૩૦ વાળી જમીન વારસાઈ હકકે વાદી ડાહ્યાભાઈ ઓતમભાઈ પટેલને મળેલાનું આંક–૧૫૫ થકી સ્પષ્ટપણે પુરવાર થયેલ હોવાનું જણાય આવે છે અને ત્યાર બાદ વાદી ડાહ્યાભાઈ ઓતમભાઈ નાઓ ધ્વારા રજી. વેચાણ દસ્તાવેજથી તે જમીન હાલના અપીલકર્તા ઈશ્વરભાઈ છોટાભાઈ પરમારને વેચાણ આપેલાનું આંક–૧૩૯ ના રજી. વેચાણ દસ્તાવેજ થકી જણાય આવે છે.

(૧૫) આ તબકકે રજુ થયેલ અન્ય દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈએ તો તેમાં પણ ડાહ્યાભાઈ ઓતમભાઈ પટેલનાઓ દાવાવાળી મિલકતના માલીક હોવાનું જણાય આવે છે. સદર મિલકત ભાઈઓ ભાગે વહેંચણીમાં ડાહ્યાભાઈ ઓતમભાઈને મળેલ ન હોવા સંદર્ભે તેઓના કોઈ કુટુંબીજનોએ તકરાર લીધેલ નથી. રજુ થયેલ રેવન્યુ રેકર્ડ વં ચાણે લઈએ તો તે તમામ પુરાવામાં સુરજબેન ઉર્ફે કાશીબા મંગળ

નારણની દિકરી અને તે ઓતમભાઈ લલ્લુભાઈની વિધવાના અન્ય વારસદારોના નામમાં કૌસ કરેલ હોવાનું અને ફકત ડાહ્યાભાઈનું નામ બહાર રાખવામાં આવેલ છે. આમ તમામ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા થકી દાવાવાળી મિલકત બ્લોક નં.૧૯૭ પૈકી સરવે નં.૧૩૦ ની હોવાનું અને ભાઈઓ ભાગની વહેંચણીમાં તે ડાહ્યાભાઈ ઓતમભાઈ પટેલને મળેલાનું સ્પષ્ટપણે પુરવાર થતું હોય વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા દાવાવાળી મિલકત વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ ન હોવાનું જે તારણ આપેલ છે, તે ભુલ ભરેલ હોવાનું જણાય આવતું હોવાથી મુદદા નં.૧ નો જવાબ '' **હકારમાં** '' આપવામાં આવે છે.

**<u>મુદદા નં.ર ની ચર્ચા :–</u>**

(૧૬)આ કામે પ્રતિવાદી દ્વારા લીધેલ છે કે તેઓ દાવાવાળી મિલકતના ગણોતીયા હોય દાવાવાળી મિલકત તેઓના કબજા ભોગવટામાં આવેલ છે. જેથી <u>આ કામે રજુ થયેલ રેકર્ડનું પુન:મુલ્યાંકન કરીએ તો, આંક–૧૫૫ થી રજુ થયેલ ૭/૧ર ના ઉતારામાં ગણોતીયાના કોલમમાં ગણોતીયો આંધળો અને સગીર હોવાથી વેચાણ મુલત્વી રાખેલાની નોંધ થયેલ છે. આ કામના પ્રતિવાદીઓને ટેનન્સી કોર્ટ દ્વારા ગણોતીયા ઠરાવેલ હોય તેવું રજુ થયેલ રેકર્ડ થકી ફલીત થતું નથી અને તે હકીકતનો પ્રતિવાદી દ્વારા તેમના સોગંદનામા લગત થયેલ ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે. પ્રતિવાદી દ્વારા તેઓની ઉલટ તપાસમાં તેઓએ ગુજરાત મહેસુલ પંચ સમક્ષ રીવીઝન અરજી નં.૧૩૦/૧૯૯૭ ના કામે કરવામાં આવેલ હુકમની સામે ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સીવીલ એપ્લીકેશન નં.૧ર૭૯૦/ર૦૧૬ કરેલાનું જાહેર</u>

કરેલ છે. આમ પ્રતિવાદીની જુબાની થકી એ હકીકત નિર્વિવાદીત બહાર આવેલ છે કે ગુજરાત મહેસુલ પંચ ધ્વારા હાલના વાદીની ફેરતપાસ અરજી ક્રમાંક: ટીઈએન/બીએ/૧૩૦/૯૭ મંજુર કરી નાયબ કલેકટરશ્રી ખેડા નાઓએ ટેનન્સી અપીલ નં.૭/૯૪ ના કામે કરેલ તા.૬/૧/૯૭ ના રોજનો હુકમ રદ કરી મામલતદાર અને કૃષિપંચશ્રી પેટલાદને ગણોત કેસ નં.૨૭૭/૮૨, ૧૪૭૬/૮૯ ના કામે કરેલ તા.૧૭/૧૧/૧૯૯૩ નો હુકમ યોગ્ય, વ્યાજબી અને કાયદેસરનો હુકમ હોય તે પુન:સ્થાપીત કરવાનો હુકમ કરેલ છે. આ કામે ગણોત કેસ નં.૨૭૭/૮૨ નો હુકમ વંચાણે લઈએ તો, તે મુજબ હાલના પ્રતિવાદી નાઓને ગણોતીયા ઠરાવેલ ન હોવાનું ફલીત થાય છે. આમ પ્રતિવાદી દાવાવાળી મિલકતના ગણોતીયા ન હોવાનું પુરવાર થતું હોય વિ.ટ્રાયલ કોર્ટ પ્રતિવાદી દાવાવાળી મિલકતના ગણોતીય ન હોવાનું જે તારણ આપેલ છે, તે યોગ્ય અને ન્યાયોચિત જણાય આવે છે.

(૧૭) આ કામે વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા દાવાવાળી મિલકત પ્રતિવાદીના કબજા ભોગવટામાં આવેલ હોવાનું તારણ આપેલ છે. અગાઉ ચર્ચા કરી તે મુજબ વાદી ડાહયાભાઈ ઓતમભાઈ પટેલ દાવાવાળી મિલકતના માલીક હોવાનું પુરવાર થયેલ છે તથા પ્રતિવાદી દાવાવાળી મિલકતના ગણોતીયા ઠરાવવામાં આવેલ ન હોવાનું રેકર્ડ જોતા સ્પષ્ટપણે જણાય આવે છે. રજુ થયેલ રેકર્ડ વંચાણે લઈએ તો વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા દાવાવાળી મિલકત પ્રતિવાદીના કબજા ભોગવટામાં હોવા સંદર્ભે આંક-૧૭૪ ઉપર આધાર રાખેલ છે, જે વંચાણે લઈએ તો તે નાયબ

કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા કરવામાં આવેલ પંચનામું છે, જેમાં ધુંટેલી ગામના સરવે નં.૧૩૦,બ્લોક નં.૧૯૭ની રૂબરૂ મુલાકાત લીધેલાનું તથા સ્થળ ઉપર ધુંટેલી-બાંધણી કાંસની હદમાં કોઈ જ દબાણ ન હોવાનું તથા શીવાભાઈ ભીખાભાઈ પાટણવાડીયા જે કાચા મકાનમાં રહે છે, તે કાંસની હદમાં નથી. કાંસમાં દબાણનો પ્રશ્ન રહેતો ન હોવાનું પંચનામું કરેલ છે. વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા ઉપરોકત પંચનામાના આધારે દાવાવાળી મિલકત એટલે કે સરવે નં.૧૩૦ પ્રતિવાદીના કબજા ભોગવટામાં હોવાનું તારણ આપેલ છે. આ સીવાય વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા આંક - ૧૫૩ થી લાઈટ બિલ રજુ કરેલ છે તથા આંક-૧૫૪ થી તલાટી કમ મંત્રીશ્રી ધુંટેલી ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ દાખલો રજુ કરેલ છે, જેમાં ભીખાભાઈ શનાભાઈ ઠાકોરની મિલકત કે જેનો નં.૪૩૨ છે, તે બ્લોક/સરવે નં.૧૯૭ માં છે તેનો દાખલો આપેલ છે. ઉપરોકત બે દસ્તાવેજોના આધારે વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા દાવાવાળી મિલકત પ્રતિવાદીના કબજા ભોગવટામાં હોવાનું તારણ આપેલ છે. આ કામે પ્રતિવાદી ધ્વારા આંક-૧૪૭ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. ઉપરોકત દસ્તાવેજી પુરાવાને આંકે પાડવાની અરજી ધ્યાને લઈએ તો વાદીના વિ.વ.શ્રી. ધ્વારા પુરવાર કરવાની શરતે આંકે પાડવા સામે વાંધો ન હોવાનો શેરો મારેલ છે. વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા ઉપરોકત દસ્તાવેજી પુરાવા લીસ્ટને આંકે પાડવા સંદર્ભે કોઈ લેખીત હુકમ કરેલ નથી. તેમજ ત્યાર બાદ ફકત દરેક દસ્તાવેજને આંક પાડેલ છે. આ કોઈ પણ દસ્તાવેજને આંક પડેલ હોવા માત્રથી તેને પુરવાર થયેલ હોવાનું માની શકાય નહિ. જયારે વાદી ધ્વારા સ્પષ્ટપણે પુરવાર

કરવાની શરતે આંકે પાડવા સામે વાંધો ન હોવાનો શેરો મારેલ હોય ત્યારે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને પુરવાર કરવાની જવાબદારી જે વ્યકિત તે દસ્તાવેજ ઉપર આધાર રાખતા હોય તેની રહે છે. આ કામે પ્રતિવાદી ધ્વારા આંક–૧૫૪ થી તલાટી કમ મંત્રીશ્રી ઘુંટેલી ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ દાખલો રજુ કરેલ છે પરંતુ ઉપરોકત દાખલાની હકીકત પુરવાર કરવા માટે ત.ક.મંત્રીશ્રીને તપાસવામાં આવેલ નથી કે જેથી દાખલાની વિગત પુરવાર થાય. તેવી જ રીતે વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા આંક–૧૭૪ ના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા કરવામાં આવેલ પંચનામા ઉપર આધાર રાખેલ છે પરંતુ અગાઉ ચર્ચા કરી તે મુજબ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને તપાસવામાં આવેલ નથી. વધુમાં આંક–૧૭૪ ના પંચનામા થકી કે આંક–૧૫૪ ના ત.ક.મંત્રીશ્રીના દાખલા થકી સરવે નં.૧૩૦, બ્લોક નં.૧૯૭ સમગ્રપણે પ્રતિવાદીના કબજા ભોગવટામાં હોવાની હકીકત પુરવાર થતી નથી. પ્રતિવાદી ધ્વારા ઉપરોકત જમીનમાં તેમનું મકાન હોવાનું અને તે સંદર્ભે આંક–૧૫૩ થી લાઈટબિલ રજુ કરેલ છે પરંતુ તેના થકી સમગ્ર સરવે નં.૧૩૦ માં તેઓનો કબજો ભોગવટો આવેલ હોવાનું માની શકાય નહિ. આ કામે આંક –૧૫૫ થી રજુ થયેલ ૭/૧૨ ના ઉતારા ધ્યાને લઈએ તો ૧૯૮૫–૮૬ ના વર્ષથી ખેડુતના નામના કોલમમાં ડાહ્યાભાઈ ઓતમભાઈ પટેલનું નામ વર્ષ ૨૦૦૪–૦૫ સુધી લખેલ હોવાનું જણાય આવે છે. એટલે કે દાવાવાળી મિલકત સરવે નં.૧૩૦ વાદીના કબજા ભોગવટામાં હોવાનું જણાય આવે છે. આંક–૧૬૧, આંક–૧૬૨, આંક–૧૬૩, આંક–૧૬૪ થી રજુ થયેલ મહી નહેર યોજનાની પહોંચ

<u>ધ્યાને લઈએ તો તેમાં પણ ખાતેદારના નામમાં પટેલ સુરજબેન ઓતમભાઈનું નામ લખેલ છે અને હસ્તેમાં ભીખાભાઈ શનાભાઈનું નામ છે.</u> આમ ઉપરોકત દસ્તાવેજી પુરાવા થકી સમગ્ર સરવે નં.૧૩૦ માં પ્રતિવાદીનો કબજો ભોગવટો હોવાનું જે વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા ઠરાવાવમાં આવેલ છે, તે યોગ્ય અને ન્યાયોચિત જણાય આવતું ન હોવાથી મુદદા નં.ર નો જવાબ '' **હકારમાં** '' આપવામાં આવે છે.

**<u>મુદદા નં.૩ ની ચર્ચા :–</u>**

(૧૮) હાલના કામે ઉપરોકત સમગ્ર ચર્ચા કરી તે મુજબ બ્લોક નં.૧૯૭ પૈકી સરવે નં.૧૩૦ વાળી જમીન વાદીની માલીકીની હોવાનું આંક–૧૫૫ થી પ્રતિવાદી ધ્વારા રજુ કરવામાં આવેલ ૭/૧ર ના ઉતારાની નકલ તથા આંક–૧૩૯ ના રજી. વેચાણ દસ્તાવેજ થકી પુરવાર થયેલ છે. તેમજ દાવાવાળી મિલકતના પ્રતિવાદી ગણોત હકકે કબજે ભોગવટેદાર હોવાનું પુરવાર થયેલ નથી તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા થકી દાવાવાળી સમગ્ર મિલકતમાં પ્રતિવાદીનો કબજો હોવાનું પણ પુરવાર થતું ન હોવાથી વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ ભુર ભરેલ હોવાનું જણાય આવે છે.

(૧૯)આમ ઉપરોકત તમામ હકીકતો તથા ચર્ચા ધ્યાને રાખતા વિ.ટ્રાયલ કોર્ટનો ચુકાદો ન્યાયીક સિઘ્ધાંતો વિરુઘ્ધનો, ભુલ ભરેલો અને ખામીયુકત હોવાનું જણાય આવતું હોવાથી તેમાં હસ્તક્ષેપ કરવો યોગ્ય અને ન્યાયોચિત જણાય આવે છે, જેથી મુદદા નં.૩ નો જવાબ '' **હકારમાં** '' આપી મુદદા નં.૪ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–// હુકમ //–</u>**

(૧) એપેલન્ટ/મુળ વાદી નં.૨ ની અપીલ આથી " **મંજુર** " કરવામાં આવે છે.

(૨) વિધ્વાન પેટલાદના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી ધ્વારા રેગ્યુલર દિવાની દાવા નં.૩૮૧/૧૯૯૧ ના કામે તા.૨૧/૧૦/૨૦૧૯ ના રોજ વાદીનો દાવો " **નામંજુર** " કરી જે હુકમ તથા હુકમનામું કરેલ છે, તે હુકમ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુળ વાદી નંબર – ૨ (અપીલ કર્તા) નો દાવો આથી મંજુર કરવામાં આવે છે. પ્રતિવાદી નાઓએ મુળ વાદી નંબર– ૨ (અપીલ કર્તા)ના કબજા ભોગવટામાં હેલો, હરકત, અંતરાય, દખલ થાય તેવુ કૃત્ય કરે કરાવે નહી તેમજ સદરહુ જમીનમાં પેસે, પેસાવે નહી તેવો પ્રતિવાદીના વિરુધ્ધમાં કાયમી મનાઈ હુકમ આપવામાં આવે છે.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) હાલની અપીલ અન્વયે પક્ષકારોને થયેલ ખર્ચ સબબ કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૫) ટ્રાયલ અદાલત સમક્ષનું દાવાનું રેકર્ડ સદરહું અપીલના કામે થયેલ હુકમની પ્રમાણીત નકલ સાથે સત્વરે ટ્રાયલ અદાલતમાં મોકલી આપવું.

આ હુકમ આજ રોજ તારીખ–૨૦, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૨૦/૦૭/૨૦૨૬
સ્થળ–પેટલાદ.

(ઝંખના વિ. ત્રીવેદી)
બીજા એડીશનલ સેશન્સ જજ, પેટલાદ.
Code No.GJ–00676

સ્ટેનો–જે.ટી.રાણા.